**<u>ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા</u>**

# બી.એ./બી.કોમ.સેમ.–૧ પ્રવેશ છઠ્ઠો રાઉન્ડ (Phase-2)

<u>વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં અંગે સૂચના</u>

બી.એ./બી.કોમ. સેમ-૧ માં જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલની વેબસાઈટ પર ઓનલાઈન ફોર્મ ભરીને વેરીફીકેશન કરાવેલ છે તેવા વિદ્યાર્થીઓના GCAS દ્વારા છઠ્ઠી મેરીટ યાદી જનરેટ કરવામાં આવેલ છે. મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ ઓફર લેટર મોકલી આપવામાં આવેલ છે. આવા વિદ્યાર્થીઓએ પોતાના GCAS ના લોગીનમાંથી ડીસા કોલેજમાં પસંદ કરેલ વિષયમાંથી જે વિષયમાં પ્રવેશ લેવાનો હોય તેનો ઓફર લેટર, <u>GCAS પર ભરેલ ફોર્મ તેમજ જરૂરી પ્રમાણપત્રો સાથે તા.૨૫/૦૬/૨૦૨૫ અને તા.૨૬/૦૬/૨૦૨૫, સવારે-૦૮:૩૦ થી ૦૧:૦૦ વાગ્યા સુધીમાં ફી ભરવા / પ્રવેશ કન્ફર્મ કરાવવા કોલેજમાં રૂબરૂ આવવાનું રહેશે.</u> વિષયવાઈઝ ઓનલાઈન જનરેટ થયેલ મેરીટ લીસ્ટ કોલેજની વેબસાઈટ પર તથા કોલેજના નોટીસબોર્ડ પર મૂકવામાં આવેલ છે.

તા. ૨૪/૦૬/૨૦૨૫

# ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

## બી.એ. / બી.કોમ. સેમ-૧ છટ્ઠો પ્રવેશ રાઉન્ડ

## વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં અંગે સૂચના

**પ્રવેશ તથા મેરીટ યાદી અંગે અગત્યની સૂચના :**

- વિદ્યાર્થીઓએ પોતાના GCAS પોર્ટલના લોગીનમાંથી ઓફર લેટર તથા ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કઢાવીને કોલેજમાં ઓરીજનલ ડોક્યુમેન્ટ તથા સ્વ-પ્રમાણિત નકલોના એક સેટ સાથે રીપોર્ટીંગ કરવાનું રહેશે.
- ઓરીજનલ ડોકયુમેન્ટ વેરીફાઇ કરાવીને તે જ દિવસે **ઓનલાઇન પ્રવેશ ફી ભરાવીને પ્રવેશ કન્ફર્મ કરાવવાની જવાબદારી જે-તે વિદ્યાર્થીની રહેશે.** ઓફર લેટરમાં દર્શાવેલ સમયમર્યાદામાં ફી નહીં ભરો તો તમારું નામ અમારી કોલેજની પ્રવેશ પ્રક્રિયામાંથી આપોઆપ નીકળી જશે અને જે-તે વિષયના આગળના રાઉન્ડમાં આપ ભાગ લઇ શકશો નહિ.
- રીપોર્ટીંગ દરમ્યાન અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતાં આપે ભરેલ વિગતો ખોટી માલુમ પડશે તો આપનો ઓફર લેટર રદ કરવામાં આવશે અને આપ જે-તે વિષયમાં પ્રવેશ મેળવી શકશો નહિ.
- આપનો પ્રવેશ કન્ફર્મ કરાવતી વખતે આપે GCAS પોર્ટલ પર રજીસ્ટર્ડ કરાવેલ મોબાઈલ નંબરવાળો મોબાઈલ ઓટીપી માટે સાથે લઈને આવવું.
- **આપને આપના પસંદ કરેલ પ્રોગ્રામ (વિષય) અનુસાર મેરીટ મુજબ ઓફર લેટર આપવામાં આવેલ છે. આપને ફાળવવામાં આવેલ પ્રોગ્રામ (વિષય) માં વહેલા-તે-પહેલાના ધોરણે પ્રવેશ ફી ભરવાની રહેશે.**
- જો કોઈ વિદ્યાર્થી ઓફર લેટરમાં દર્શાવેલ સમયમર્યાદામાં અને ખોટી વિગતો-પ્રમાણપત્રો રજૂ કરવાથી તેઓ કોલેજમાં પ્રવેશથી વંચિત રહી જાય છે તો તેની સઘળી જવાબદારી જે-તે વિદ્યાર્થીની પોતાની રહેશે.

## ઓફર લેટર મળ્યા બાદ વિદ્યાર્થીએ નીચે જણાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની નકલ સાથે કોલેજમાં રૂબરૂ આવવાનું રહેશે.

૧. GCAS પોર્ટલ પર ભરેલ ફોર્મની પ્રિન્ટ.

૨. GCAS પોર્ટલ મળેલ જે-તે પસંદગીના વિષયના ઓફર લેટરની પ્રિન્ટ.

૩. શાળા છોડયાનું પ્રમાણપત્ર.

૪. ધોરણ-૧૨ ની તમામ પ્રયત્નોની માર્કશીટ.

૫. શાળામાંથી મળેલ ટ્રાયલ પ્રમાણપત્ર.

૬. માર્ચ-૨૦૨૫ પહેલા ધો-૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય તો રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર પર ગેપ અંગેનું નોટરી કરેલ સોગંદનામાની નકલ.

૭. જાતિ અંગેના દાખલાની નકલ. **(SEBC/SC/ST/EWS કેટેગરી - લાગુ પડતું હોય તેમના માટે)**

૮. ફોર્મમાં **SEBC(OBC)** કેટેગરી દર્શાવેલ વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૫ ની વચ્ચેના સમયગાળામાં કઢાવેલ નોન-ક્રિમીલેયર પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૯. ફોર્મમાં **EWS** કેટેગરી દર્શાવેલ આર્થિક રીતે નબળા વર્ગોમાં આવતા વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૫/૨૦૨૫ ની વચ્ચેના સમયગાળામાં કઢાવેલ EWS પ્રમાણપત્રની નકલ. (લાગુ પડતું હોય તેમના માટે)

૧૦. આધારકાર્ડની નકલ.

૧૧. **APAAR ID (ABC ID) ની નકલ.**

૧૨. **અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી Provisional Eligibility Certificate (PEC)** લાવવાનું રહેશે.

૧૩. સ્પોર્ટ્સ કેટેગરી દર્શાવેલ હોય તો રાજય અથવા કેન્દ્ર સરકારના પ્રમાણપત્રોની નકલ.

૧૪. દિવ્યાંગ દર્શાવેલ હોય તો દિવ્યાંગતાના પ્રમાણપત્રની નકલ.

૧૫. પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો.

***નોંધ - ઉપરોક્ત પ્રમાણપત્રો અસલ તથા તેની એક ઝેરોક્ષ નકલ સાથે લાવવાના રહેશે.***

**વિદ્યાર્થીઓએ તા.૨૫/૦૬/૨૦૨૫ અને તા.૨૬/૦૬/૨૦૨૫ સવારે ૮-૩૦ થી ૦૧-૦૦ વાગ્યા સુધીમાં ઓફર લેટર સાથે કોલેજમાં રૂબરૂ રીપોર્ટીંગ કરીને ઓનલાઇન ફી ભરવાની રહેશે.**

# ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

## ગ્રાન્ટ-ઈન-એઈડ તથા સેલ્ફ ફાયનાન્સ માટે ફીની વિગત

| વર્ગ | વિભાગ | મુખ્ય વિષય | જાતિ | ફી |
|---|---|---|---|---|
| બી.એ. સેમ-૧ | ગ્રાન્ટ-ઈન-એઈડ | ગુજરાતી | ભાઈઓ | રૂા.૨૧૮૦/- |
| | | | બહેનો | રૂા.૧૫૮૦/- |
| | | અર્થશાસ્ત્ર | ભાઈઓ | રૂા.૨૧૮૦/- |
| | | | બહેનો | રૂા.૧૫૮૦/- |
| બી.એ. સેમ-૧ | સેલ્ફ ફાયનાન્સ | અંગ્રેજી | ભાઈઓ-બહેનો | રૂા.૬૫૮૦/- |
| | | રાજયશાસ્ત્ર | ભાઈઓ-બહેનો | રૂા.૬૫૮૦/- |
| | | મનોવિજ્ઞાન | ભાઈઓ-બહેનો | રૂા.૬૫૮૦/- |
| | | ઈતિહાસ | ભાઈઓ-બહેનો | રૂા.૬૫૮૦/- |
| | | સમાજશાસ્ત્ર | ભાઈઓ-બહેનો | રૂા.૬૫૮૦/- |
| બી.કોમ. સેમ-૧ | ગ્રાન્ટ-ઈન-એઈડ | એકાઉન્ટન્સી (ગુજરાતી માધ્યમ) | ભાઈઓ | રૂા.૨૧૮૦/- |
| | | | બહેનો | રૂા.૧૫૮૦/- |
| બી.કોમ. સેમ-૧ | સેલ્ફ ફાયનાન્સ | એકાઉન્ટન્સી (અંગ્રેજી માધ્યમ) | ભાઈઓ-બહેનો | રૂા.૬૫૮૦/- |

**ફી ઓનલાઈન ભરવામાં આવશે. ફી ભરવા માટે વિદ્યાર્થી પાસે ફોનપે/ ગુગલપે/ નેટ બેંકીંગ જેવી ઓનલાઈન એપ્લીકેશન હોવી જોઈએ. ડેબીટ કાર્ડ તેમજ ક્રેડીટ કાર્ડથી ફી ભરી શકાશે.**

**રોકડમાં ફી કોલેજમાં સ્વીકારવામાં આવતી નથી.**

તા.૨૪/૦૬/૨૦૨૫